**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

## અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટમાં

## સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૮૨૬/૨૦૧૫

## સાથે

## સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૪૮૨૭/૨૦૧૫

**મંજૂરી અને સહી માટેઃ**

**માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાની**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? | હા |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | હા |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? | ના |

| | | |
|---|---|---|
| | | |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? | ના |

================================================================

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ....અરજદાર(ઓ)

વિરુદ્ધ

અરવિંદભાઈ રામભાઈ પટેલ અને ૭....સામાવાળા(ઓ)

================================================================

ઉપસ્થિતિ:

અરજદાર(ઓ) નં.૧ તરફે શ્રી ડી.સી. દવે, સિનિયર એડવોકેટ સાથે શ્રી અનલ એસ. શાહ, વકીલ

સામાવાળા(ઓ) નં.૧ તરફે શ્રી જે.આર. શાહ, કેવિયેટર

================================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ સુશ્રી હર્ષા દેવાની**

**તારીખ: ૦૪/૦૫/૨૦૧૫**

## સામાન્ય મૌખિક ચુકાદો

૧. રૂલ. સામાવાળાઓ તરફે વિદ્ધાન વકીલ શ્રી જે.આર. શાહ રૂલની નોટીસની બજવણી જતી કરે છે. આ બંને પિટિશનોમાં કાયદાના સમાન પ્રશ્નો સંકળાયેલા હોવાથી તથા હકીકતો અને પક્ષકારો પણ સમાન હોવાથી, તેઓને સુનાવણી માટે સાથે લેવામાં આવેલ છે અને આ સંયુક્ત ચુકાદા દ્ધારા તેનો નિકાલ કરવામાં આવે છે.

૨. હાલની પિટિશનો ઉદભવવાના કારણરૂપ હકીકતો એવી છે કે અરજદારે (મૂળ વાદીએ) સામાવાળાઓ (મૂળ પ્રતિવાદીઓ) વિરુદ્ધ ટ્રેડમાર્કના ભંગ, કોપીરાઇટના ભંગ અને પાસિંગ ઓફની કાર્યવાહી માટે તારીખ ૧૦.૨.૨૦૦૦ ના રોજ સિવિલ સ્યુટ નં. ૮૨૮/૨૦૦૦ દાખલ કરેલ. અરજદારે નુકસાની પેટે રૂ.૫,૦૦,૦૦,૦૦૦/- (રૂપિયા પાંચ કરોડ) ની રકમનું હુકમનામું મેળવવા માટે પણ અરજ કરેલ. સદર સિવિલ સ્યુટ ટ્રાયલના તબક્કે છે. વાદીના પુરાવા પહેલેથી જ રજૂ થઈ ચૂકેલ છે અને આ બાબત પ્રતિવાદીઓના સાક્ષી શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલની ઉલટતપાસના તબક્કે છે. તારીખ ૨૭.૧૨.૨૦૧૨ ના રોજ, શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલે આંક ૯૫૩ થી સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ, જેમાં તેના ફકરા ૧૫ માં નીચે મુજબ જણાવવામાં આવેલ હતું:-

"તારીખ ૧૧.૦૭.૧૯૯૪ ના રોજ, પ્રતિવાદી નં.૮ મેસર્સ રામદેવ એક્સપોર્ટ્સ દ્વારા ગ્લોબમાં 'રામદેવ' લોગોના રજિસ્ટ્રેશન માટે ટ્રેડ માર્ક્સ ઓફિસમાં એપ્લિકેશન નં. ૬૩૩૬૫૪ થી અરજી કરવામાં આવેલ. વાદી કંપનીની તરફેણમાં ટ્રેડમાર્ક લોગો "રામદેવ મસાલા" (ટીએમઆર નં. ૪૪૭૭૦૦) ના કથિત એસાઇનમેન્ટ બાદ સદર અરજી કરવામાં આવેલ હતી. સદર અરજી પર પ્રતિવાદી નં.૮ મેસર્સ રામદેવ એક્સપોર્ટ્સ વતી હસમુખભાઈ, પ્રવીણભાઈ અને પ્રતિવાદી નં.૩ રાકેશભાઈ દ્વારા સહી કરવામાં આવેલ હતી અને તેઓ વાદી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, હોલ ટાઇમ ડિરેક્ટર અને/અથવા ડિરેક્ટર પણ હતા. ત્યારબાદ, હસમુખભાઈએ તારીખ ૦૧.૦૨.૨૦૦૨ ના રોજ ટ્રેડ માર્ક ઓફિસમાં રજૂ કરેલ એક પત્રમાં સ્પષ્ટપણે સ્વીકાર્યું હતું કે તેઓએ સંયુક્ત માલિકો તરીકે રજિસ્ટ્રેશન માટે અરજી કરી હતી. તેઓ તે સમયે વાદી કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હતા."

૩. અરજદારનો કેસ એવો છે કે તારીખ ૧૫.૧.૨૦૦૭ ના રોજ પ્રતિવાદીઓ નં.૧, ૫ અને ૭ વતી રજૂ કરાયેલ સંયુક્ત લેખિત જવાબમાં, ટ્રેડમાર્ક એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ ને લગતી અધૂરી હકીકતો દર્શાવવામાં આવેલ હતી; કે સામાવાળાઓએ (મૂળ પ્રતિવાદીઓએ) ભંગના સ્યુટ દાખલ થયા બાદ ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રી સમક્ષ રજૂ કરાયેલ અરજીઓ અને સોગંદનામાઓ અંગેની

કોઈપણ હકીકત છૂપી રીતે જણાવી ન હતી; ટ્રેડમાર્ક એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ ની કાર્યવાહીના સંબંધમાં સદર સોગંદનામાઓ અને અરજીઓ અરજદાર પર ક્યારેય બજાવવામાં આવેલ ન હતી અને તેથી, ટ્રેડ માર્ક રજિસ્ટ્રી સમક્ષ રજૂ કરાયેલ ત્યારબાદની અરજીઓ અને સોગંદનામાઓ અંગેની આવી હકીકતો અરજદારની જાણમાં ન હતી; કે સામાવાળાઓ/પ્રતિવાદીઓએ આંક ૧૭૧ થી મૂળ ટ્રેડમાર્ક અરજીની નકલ રજૂ કરી હતી, પરંતુ ત્યારબાદ તેઓ દ્વારા રજૂ કરાયેલ અરજીઓ અને સોગંદનામાઓ રેકર્ડ પર રજૂ કર્યા ન હતા. પિટિશનમાં વધુમાં એવું કથન કરવામાં આવેલ છે કે સામાવાળા નં.૧ ની ઉલટતપાસ તારીખ ૧૪.૧૦.૨૦૧૪ ના રોજ શરૂ થઈ હતી જે પછી સદર સાક્ષીની તારીખ ૧૭.૧૧.૨૦૧૪, ૨૮.૧૧.૨૦૧૪ અને ૫.૧૨.૨૦૧૪ ના રોજ વધુ ઉલટતપાસ કરવામાં આવી હતી. અરજદારના જણાવ્યા મુજબ, ઉલટતપાસ દરમિયાન તેની જાણમાં આવ્યું કે જોકે ટ્રેડ માર્ક એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ શ્રી હસમુખભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ અને રાકેશભાઈ પટેલ દ્વારા રામદેવ એક્સપોર્ટ્સના નામ અને નેજા હેઠળ ધંધો કરતા સહ–માલિકોની તેમની હેસિયતથી સંયુક્ત રીતે કરવામાં આવેલ હતી, તેમ છતાં સામાવાળા નં.૧ એ તેમના સરતપાસના સોગંદનામાના ફકરા ૧૫ માં જણાવ્યું હતું કે સદર અરજી ભાગીદારી પેઢી એટલે કે મેસર્સ રામદેવ એક્સપોર્ટ્સ (અત્રેના સામાવાળા નં.૮) દ્વારા કરવામાં આવેલ હતી. કે અરજદારને રેકર્ડની તપાસ કરતાં જણાયું કે તારીખ ૨૧.૧૦.૨૦૦૨ ના ટ્રેડ માર્ક્સ જર્નલ નં. ૧૨૮૧ (સપ્લીમેન્ટરી) માં ટ્રેડ માર્ક એપ્લિકેશન નં.

૬૩૩૫૬૪ ની પ્રસિદ્ધિની નોટીસમાં પટેલ અરવિંદભાઈ રામભાઈ (સામાવાળા નં.૧), પટેલ રાકેશભાઈ અરવિંદભાઈ (સામાવાળા નં.૩) અને પટેલ ચિરાગભાઈ અરવિંદભાઈ (સામાવાળા નં.૫) ના નામો દર્શાવવામાં આવેલ હતા. તેથી, અરજદારે તેના પ્રતિનિધિ મારફતે ટ્રેડ માર્ક એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ અને અરજદાર દ્વારા દાખલ કરાયેલ ઓપોઝિશન નં. એએમડી–૮૧૩૯૭ ને લગતા ટ્રેડ માર્ક રજિસ્ટ્રીના રેકર્ડની તપાસ કરાવી અને તારીખ ૪.૧૨.૨૦૧૪ ના રોજ ટ્રેડ માર્ક રજિસ્ટ્રીમાંથી પ્રમાણિત નકલ મેળવી. કે ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રીમાંથી મળેલા દસ્તાવેજો પરથી અરજદારને જાણવા મળ્યું કે સામાવાળાઓ વિરુદ્ધ ભંગના સ્યુટ દાખલ થયા બાદ, સામાવાળાઓ દ્વારા મૂળ અરજદારો પૈકીના બે એટલે કે શ્રી હસમુખભાઈ રામભાઈ પટેલ અને શ્રી પ્રવીણભાઈ રામભાઈ પટેલના નામો રદ કરવા માટે અને તેમના સ્થાને સામાવાળા નં.૧ શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલ અને સામાવાળા નં.૩ ચિરાગ અરવિંદભાઈ પટેલના નામો દાખલ કરવા માટે ટીએમ–૧૬ અરજી દાખલ કરવામાં આવી હતી. તારીખ ૯.૧.૨૦૦૨ ના હુકમથી, ટ્રેડ માર્ક રજિસ્ટ્રી સમક્ષ સામાવાળાઓ દ્વારા દાખલ કરાયેલ અરજી મંજૂર કરવામાં આવી હતી અને શ્રી હસમુખભાઈ રામભાઈ પટેલ અને શ્રી પ્રવીણભાઈ રામભાઈ પટેલના નામો રદ કરવામાં આવ્યા હતા તથા મૂળ અરજદારોને કોઈપણ નોટીસ આપ્યા વિના, મૂળ અરજીની તારીખથી પૂર્વવર્તી અસરથી તેમના સ્થાને શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલ અને ચિરાગ અરવિંદભાઈ પટેલના નામો દાખલ કરવામાં આવ્યા હતા. અરજદારનો વધુ કેસ એવો છે કે

સિવિલ સ્યુટ નં. ૮૨૮/૨૦૦૦ ની કાર્યવાહીના પડતર સમય દરમિયાન તેની જાણમાં આવ્યું કે સામાવાળાઓએ તારીખ ૪.૨.૨૦૦૨ ની અન્ય એક ટીએમ–૧૬ અરજીથી ઉપયોગની તારીખ ઉમેરાવી લીધી હતી જેના દ્વારા સામાવાળાઓએ તેમના માલસામાન પર ૧૯૯૨ થી અરજી કરાયેલ ટ્રેડમાર્કનો ઉપયોગ કર્યો હોવાનો દાવો કર્યો હતો. અરજદારના જણાવ્યા મુજબ ટ્રેડ માર્ક રજિસ્ટ્રીમાંથી મેળવેલા દસ્તાવેજો સ્યુટમાં સંકળાયેલા વિવાદો માટે પ્રસ્તુત છે અને સરતપાસના સોગંદનામામાં તથા ઉલટતપાસ દરમિયાન સાક્ષી દ્વારા કરવામાં આવેલા નિવેદનોનું ખંડન કરવા માટે પ્રતિવાદીઓના સાક્ષીની ઉલટતપાસના હેતુ માટે પણ જરૂરી છે. તેથી, અરજદારે ટ્રેડ માર્ક એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ અને ઓપોઝિશન નં. એએમડી ૮૧૩૯૭ ને લગતા ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રીના રેકર્ડ પરના દસ્તાવેજોની પ્રમાણિત ફોટોકોપીઓ રજૂ કરવા માટે તારીખ ૫.૧૨.૨૦૧૪ ના રોજ આંક ૯૭૭ થી અરજી દાખલ કરી. સામાવાળા નં.૧ એ દસ્તાવેજો રજૂ કરવાની સદર અરજીનો પોતાનો જવાબ રજૂ કર્યો અને અરજદારે તેના પ્રત્યુત્તરમાં પોતાનો પ્રત્યુત્તર દાખલ કર્યો. અરજદારે વાદપત્રમાં સુધારા માટે આંક ૯૭૯ થી ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર, ૧૯૦૮ (જે હવે પછી "સદર કોડ" તરીકે ઉલ્લેખિત છે) ના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ હેઠળ પણ એક અરજી દાખલ કરી. સામાવાળા નં.૧ એ સદર અરજીનો પોતાનો જવાબ દાખલ કર્યો અને તેના પ્રત્યુત્તરમાં, અત્રેના અરજદારે પોતાનું સોગંદનામા–સ્વરૂપ પ્રત્યુત્તર દાખલ કર્યું. દસ્તાવેજો રજૂ કરવા માટેની તેમજ વાદપત્રમાં સુધારા

માટેની બંને અરજીઓની સાથે સુનાવણી કરવામાં આવી અને સિવિલ સ્યુટ નં. ૮૨૮/૨૦૦૦ માં આંક ૯૭૭ અને ૯૭૯ નીચે પસાર કરાયેલા તારીખ ૫.૨.૨૦૧૫ ના સંયુક્ત હુકમથી, બંને અરજીઓ નામંજૂર કરવામાં આવી, જેનાથી હાલની પિટિશનો ઉદભવેલ છે.

૪. બંને પિટિશનોમાં અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી અનલ શાહ સાથે વિદ્વાન કાઉન્સેલ શ્રી ધવલ દવે, સિનિયર એડવોકેટે કોર્ટનું ધ્યાન કેસની હકીકતો તરફ દોર્યું. એવું દર્શાવવામાં આવ્યું હતું કે અરજદાર કંપની વર્ષ ૧૯૯૦ થી રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક રામદેવનો ઉપયોગ કરી રહી છે. વર્ષ ૧૯૯૧ માં, તારીખ ૩૧.૩.૧૯૯૮ સુધી સાત વર્ષના સમયગાળા માટે ટ્રેડમાર્ક રામદેવનો ઉપયોગ કરવા માટે પ્રતિવાદી નં.૭ સાથે રજિસ્ટર્ડ યુઝર એગ્રીમેન્ટ કરવામાં આવ્યું હતું. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે એવી સ્પષ્ટ સમજૂતી હતી કે પ્રતિવાદીઓને રિટેલ કાઉન્ટરો પર અરજદાર કંપનીના ઉત્પાદનો વેચવાના મર્યાદિત હેતુ માટે રજિસ્ટર્ડ ટ્રેડમાર્કનો ઉપયોગ કરવાનો અધિકાર છે. જોકે, સામાવાળા નં.૧ થી ૬ એ ટ્રેડમાર્ક 'રામદેવ' હેઠળ સસ્તા દરે પોતાના ઉત્પાદનો વેચવાનું શરૂ કર્યું હતું અને તેથી, અરજદાર ઉપર ઉલ્લેખિત સ્યુટ દાખલ કરવા માટે મજબૂર થયા હતા. સામાવાળા નં.૧ ની સરતપાસ તરફ કોર્ટનું ધ્યાન એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે સામાવાળા નં.૮ મેસર્સ રામદેવ એક્સપોર્ટ્સની રચના નિકાસના ધંધાના હેતુ માટે ભાગીદારી પેઢી તરીકે તારીખ ૧૯.૧૧.૧૯૯૨ ના રોજ કરવામાં આવી હતી. એવું દર્શાવવામાં આવ્યું હતું કે હસમુખભાઈ, પ્રવીણભાઈ અને

સામાવાળા નં.૩ સામાવાળા નં.૮ ના પ્રથમ ભાગીદારો હતા. જ્યારે સામાવાળા નં.૮ ની રચના થઈ, ત્યારે આ ત્રણેય ભાગીદારો કંપનીના માળખામાં ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર અને ડિરેક્ટર તરીકે હતા. તારીખ ૧૧.૭.૧૯૯૪ ના રોજ, ગ્લોબમાં ટ્રેડ માર્ક 'રામદેવ' ના રજિસ્ટ્રેશન માટે અરજી કરવામાં આવી હતી, જે સામાવાળા નં.૧ ના જણાવ્યા મુજબ સામાવાળા નં.૮ પેઢી માટે અને તેના વતી હતી અને આવી અરજી હસમુખભાઈ, પ્રવીણભાઈ અને સામાવાળા નં.૩ એમ ત્રણ વ્યક્તિઓ દ્વારા આપવામાં આવી હતી. તેથી, સારાંશમાં, સામાવાળા નં.૧ જુલાઈ, ૧૯૯૪ માં કરાયેલી અરજી પર આધાર રાખી રહ્યા છે. સામાવાળા નં.૧ ની ઉલટતપાસનો સંદર્ભ આપતા, એવું દર્શાવવામાં આવ્યું હતું કે સદર સાક્ષીનો સામનો કરાવવા માટે પ્રશ્નગત દસ્તાવેજો રજૂ કરવા જરૂરી હતા. સદર કોડના ઓર્ડર ૭ ના નિયમ ૧૪ ની જોગવાઈઓનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેનું શીર્ષક "વાદી જેના પર દાવો કરે છે અથવા આધાર રાખે છે તે દસ્તાવેજ રજૂ કરવા બાબત" છે અને વધુ ખાસ કરીને, તેના પેટા–નિયમો (૩) અને (૪) નો સંદર્ભ આપવામાં આવ્યો હતો.

૪.૧ એ પ્રસ્થાપિત કાયદાકીય સિદ્ધાંત માટે બિલા જગન મોહન રેડ્ડી વિરુદ્ધ બિલા સંજીવા રેડ્ડી, ૧૯૯૪ (૪) એસ.સી.સી. ૬૫૯ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો હતો કે જો દસ્તાવેજો વિવાદમાં રહેલા વાસ્તવિક મુદ્દાનો નિર્ણય કરવા માટે પ્રસ્તુત જણાય, અને જ્યારે કોર્ટને એમ લાગે કે ન્યાયના હિતમાં દસ્તાવેજો સ્વીકારવા જરૂરી છે, ત્યારે સીપીસી ના ઓર્ડર

૪૧ ના નિયમ ૨૭ હેઠળની સત્તાનો ઉપયોગ કરીને, અપીલ કોર્ટ દસ્તાવેજો સ્વીકારશે અને તેની અસર ધ્યાનમાં લેશે. જ્યારે આવી સ્થિતિ હોય, ત્યારે જ્યારે દલીલો પૂર્ણ થાય તે પહેલાં ટ્રાયલ કોર્ટમાં દસ્તાવેજો રજૂ કરવાની માંગ કરવામાં આવે, ત્યારે સામાન્ય રીતે, તેઓને સ્વીકારી શકાય; તેમને સાબિત કરવાની અને જો કોઈ ખંડન હોય તો તેની તક આપી શકાય, અને વિવાદમાં ઉપસ્થિત થતા મુદ્દાઓનો નિર્ણય કરવામાં તેમની પ્રસ્તુતતા અને તેમની જે અસર થઈ શકે તે ધ્યાનમાં લઈ શકાય. એવું દર્શાવવામાં આવ્યું હતું કે સરતપાસનું સોગંદનામું તારીખ ૨૭.૧૨.૨૦૧૨ ના રોજ રજૂ કરવામાં આવ્યું હતું અને ઉલટતપાસ તારીખ ૧૪.૧૦.૨૦૧૪, ૧૭.૧૧.૨૦૧૪, ૨૮.૧૧.૨૦૧૪ અને ૫.૧૨.૨૦૧૪ ના રોજ થઈ હતી અને ઉલટતપાસની છેલ્લી તારીખે, જ્યારે સદર સાક્ષીનો સામનો કરાવવો જરૂરી હતો ત્યારે અરજી આપવામાં આવી હતી.

૪.૨ એસ. રથિના સ્વામી વિરુદ્ધ શ્રીમતી એસ. ભાનુમતી, એ.આઇ.આર. ૨૦૦૬ મદ્રાસ ૨૨૧ ના કેસમાં મદ્રાસ હાઇકોર્ટના ચુકાદાનો સંદર્ભ આપવામાં આવ્યો હતો જેમાં કોર્ટે ઠરાવ્યું છે કે વાસ્તવિક કેસોમાં દસ્તાવેજો સ્વીકારવાની કોર્ટને સત્તા આપતા સદર કોડના ઓર્ડર ૭ ના નિયમ ૧૪(૩) નો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે જો અગાઉના તબક્કે દસ્તાવેજો રજૂ ન કરવા માટે કોર્ટને સંતોષ થાય તેવું યોગ્ય કારણ દર્શાવવામાં આવે તો દસ્તાવેજો સ્વીકારવા. કોર્ટો દસ્તાવેજો સ્વીકારે અને પક્ષકારોને તક આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

૪.૩ સુરિન્દર કુમાર બજાજ વિરુદ્ધ શીલા રાની, MANU/DE/૩૨૬૪/૨૦૦૯ ના કેસમાં દિલ્હી હાઇકોર્ટના એક અહેવાલ–અપ્રસિદ્ધ ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે ઠરાવ્યું છે કે ઓર્ડર ૭ ના નિયમ ૧૪(૩), ઓર્ડર ૮ ના નિયમ ૧એ(૪) અને ઓર્ડર ૧૩ ના નિયમ ૧(૩) એ તમામ જોગવાઈ કરે છે કે પ્લીડિંગ્સ સાથે અને/અથવા મુદ્દાઓ નક્કી થતાં પહેલાં દસ્તાવેજ રજૂ કરવાનો નિયમ એવા દસ્તાવેજોને લાગુ પડતો નથી કે જેનાથી સાક્ષીનો તેની ઉલટતપાસમાં સામનો કરાવી શકાય અને ઉપસ્થિત થતો પ્રશ્ન એ છે કે સાક્ષીનો કયા દસ્તાવેજોથી સામનો કરાવી શકાય; શું માત્ર ધ એવિડન્સ એક્ટની કલમો ૧૪૪ અને ૧૪૫ માં ઉલ્લેખિત દસ્તાવેજોથી કે અન્ય દસ્તાવેજોથી પણ. કોર્ટનો એવો મત હતો કે જે દસ્તાવેજોથી સાક્ષીનો સામનો કરાવી શકાય તેના પર કોઈ મર્યાદા મૂકી શકાય નહીં.

૪.૪ સુભાષ ચંદર વિરુદ્ધ શ્રી ભગવાન યાદવ, MANU/DE/૩૩૪૩/૨૦૦૯ ના કેસમાં દિલ્હી હાઇકોર્ટના ચુકાદા પર પણ આધાર રાખવામાં આવ્યો હતો જેમાં કોર્ટે ઠરાવ્યું છે કે ઓર્ડર ૭ ના નિયમ ૧૪(૪) અને ઓર્ડર ૮ ના નિયમ ૧એ(૪) તથા ઓર્ડર ૧૩ ના નિયમ ૧(૩) પાછળનો વૈધાનિક ઈરાદો આશ્ચર્યનું તત્વ જાળવવાની મંજૂરી આપવાનો જણાય છે, જે સાક્ષીઓની ઉલટતપાસમાં ખૂબ મહત્વનું છે. અસીલનો એવો મત હોઈ શકે છે કે જો તે જે દસ્તાવેજના આધારે સામાવાળાનો કેસ તોડી પાડવા માંગે છે તે પ્લીડિંગ્સ સાથે કે મુદ્દાઓ ઘડતાં પહેલાં કોર્ટ રેકર્ડ પર રજૂ કરવામાં આવે, જેના પરિણામે સામાવાળાને જાણ થાય,

તો સામાવાળા તેના જવાબ સાથે તૈયાર થઈને આવી શકે છે. તેનાથી વિપરીત, જો આશ્ચર્યના તત્વના કારણે દસ્તાવેજ બતાવવાની/રજૂ કરવાની મંજૂરી આપવામાં આવે, તો સામાવાળા અથવા સાક્ષી, સત્ય બોલી જઈ શકે છે. શ્રી દવેએ રજૂઆત કરી હતી કે, તેથી, આશ્ચર્યનું તત્વ જાળવી રાખવા માટે અરજદાર દ્વારા સંબંધિત સમયે દસ્તાવેજો રેકર્ડ પર રજૂ કરવા જરૂરી ન હતા અને ઉલટતપાસ દરમિયાન સાક્ષીનો સામનો કરાવવાના હેતુ માટે અરજદાર માટે દસ્તાવેજો રેકર્ડ પર રજૂ કરવા માન્ય છે જે સદર કોડના ઓર્ડર ૭ ના નિયમ ૧૪ ના પેટા–નિયમ (૪) ની જોગવાઈઓ સાથે પણ સુસંગત છે. તેથી, દસ્તાવેજો વાદપત્ર સાથે રજૂ કરવા જોઈતા હતા તેવા આધાર પર નિયમ ૧૪ ના પેટા–નિયમ (૧) નો ઉપયોગ કરીને અરજદારને બહાર ફેંકી શકાય નહીં. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે પેટા–નિયમ (૩) હેઠળ, કોર્ટની મંજૂરીથી રેકર્ડ પર દસ્તાવેજો રજૂ કરી શકાય છે અને પેટા–નિયમ (૪) હેઠળ, જે દસ્તાવેજો વાદપત્ર સાથે રજૂ કરવામાં આવ્યા ન હોય, તે સાક્ષીની ઉલટતપાસ સમયે રજૂ કરી શકાય છે. તેથી, રેકર્ડ પર દસ્તાવેજો રજૂ કરવાની અરજી નામંજૂર કરવામાં ટ્રાયલ કોર્ટ યોગ્ય ન હતી.

૪.૫ જ્યાં સુધી વાદપત્રમાં સુધારા માટેની અરજીનો સંબંધ છે, અરજદાર તરફે વિદ્વાન કાઉન્સેલે કોર્ટનું ધ્યાન સદર કોડના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ ની જોગવાઈઓ તરફ એ દર્શાવવા માટે દોર્યું હતું કે તે કોર્ટને કાર્યવાહીના કોઈપણ તબક્કે કોઈપણ પક્ષકારને તેના પ્લીડિંગ્સમાં એવી રીતે અને એવી શરતો પર

ફેરફાર કરવાની અથવા સુધારો કરવાની મંજૂરી આપે છે જે ન્યાયી હોય અને પક્ષકારો વચ્ચેના વિવાદના વાસ્તવિક પ્રશ્નનો નિર્ણય કરવાના હેતુ માટે જરૂરી હોય તેવા તમામ સુધારાઓ કરવા જરૂરી છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે હાલના કેસમાં, સુધારા દ્વારા રેકર્ડ પર લાવવા માંગવામાં આવતી હકીકતો સ્યુટ દાખલ થયા પછીની છે અને તેથી, જ્યારે સ્યુટ દાખલ કરવામાં આવ્યો તે સમયે તે જણાવી શકાય તેમ ન હતી.

૪.૬ નોર્થ ઈસ્ટર્ન રેલ્વે એડમિનિસ્ટ્રેશન, ગોરખપુર વિરુદ્ધ ભગવાન દાસ, ૨૦૦૮ (૮) એસ.સી.સી. ૫૧૧ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં ઠરાવવામાં આવ્યું હતું કે સી.પી.સી. ના ઓર્ડર ૬ નિયમ ૧૭ કાર્યવાહીના કોઈપણ તબક્કે પ્લીડિંગ્સમાં સુધારાની જોગવાઈ કરે છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે પીરગોન્ડા હોંગોન્ડા પાટીલ વિરુદ્ધ કલગોન્ડા શિદગોન્ડા પાટીલ અને અન્ય, એ.આઇ.આર. ૧૯૫૭ એસસી ૩૬૩ માં, જે હજુ પણ પ્રસ્તુત છે, એવું ઠરાવવામાં આવ્યું હતું કે જે સુધારાઓ બે શરતો સંતોષતા હોય તે તમામ સુધારાઓ મંજૂર કરવા જોઈએ: (એ) સામા પક્ષને અન્યાય ન કરતા હોય, અને (બી) પક્ષકારો વચ્ચેના વિવાદના વાસ્તવિક પ્રશ્નોનો નિર્ણય કરવાના હેતુ માટે જરૂરી હોય. સુધારાઓ માત્ર ત્યારે જ નામંજૂર કરવા જોઈએ જ્યારે સામા પક્ષને તેવી જ સ્થિતિમાં મૂકી શકાય તેમ ન હોય કે જાણે પ્લીડિંગ મૂળથી જ સાચું હતું, પરંતુ સુધારાથી તેને એવી નુકસાની થશે જેની ખર્ચથી ભરપાઈ થઈ શકે તેમ નથી. શ્રી દવેએ રજૂઆત કરી હતી કે અરજદાર દ્વારા

માંગવામાં આવેલા સુધારાના સ્વરૂપને ધ્યાનમાં લેતાં, એમ કહી શકાય નહીં કે તેનાથી સામાવાળાને એવી નુકસાની થશે, જેની ખર્ચથી ભરપાઈ થઈ શકે તેમ નથી અથવા સામાવાળાને તેવી જ સ્થિતિમાં મૂકી શકાય તેમ નથી કે જાણે પ્લીડિંગ મૂળથી જ સાચું હતું.

૪.૭ શ્રી દવેએ વધુમાં રજૂઆત કરી હતી કે સદર કોડના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ માં પરંતુક ઉમેરાયા પહેલાં સ્યુટ દાખલ થયો હોવાથી, સુધારા અરજી કરવામાં યોગ્ય તકેદારી દર્શાવવાની જરૂરિયાત હાલના કેસની હકીકતોમાં જરૂરી નથી. આવી રજૂઆતના સમર્થનમાં વિદ્વાન કાઉન્સેલે સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ વિરુદ્ધ ટાઉન મ્યુનિસિપલ કાઉન્સિલ, (૨૦૦૭) ૧ એસ.સી.સી. ૭૬૫ ના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો, જેમાં કોર્ટે ઠરાવ્યું છે કે સદર કોડના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ નું પરંતુક ધ કોડ ઓફ સિવિલ પ્રોસિજર (એમેન્ડમેન્ટ) એક્ટ, ૨૦૦૨ દ્વારા ઉમેરવામાં આવ્યું હતું જે તારીખ ૧.૭.૨૦૦૨ ની અસરથી અમલમાં આવ્યું હતું. કોર્ટે અવલોકન કર્યું હતું કે એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે સ્યુટ વર્ષ ૧૯૯૮ માં દાખલ થયો હોવાથી, સદર કોડના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ નું પરંતુક લાગુ પડશે નહીં. કોર્ટે ઠરાવ્યું હતું કે સદર પરંતુક પર આધાર રાખીને હાઈકોર્ટે સ્પષ્ટપણે ગેરકાયદેસરતા આચરી હતી અને અભિપ્રાય આપ્યો હતો કે તેને ધ્યાનમાં લેતાં વાદી સ્યુટની ટ્રાયલ શરૂ થાય તે પહેલાં યોગ્ય તકેદારી રાખવા છતાં આ બાબત રજૂ કરી શક્યા ન હોવાનું પ્રસ્થાપિત કરવા માટે બંધાયેલા હતા. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે, તેથી,

સુધારો દાખલ કરવામાં વિલંબનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં અને સુધારાથી સામાવાળાને કોઈ પ્રતિકૂળ અસર થતી ન હોવાથી, તેને નામંજૂર કરવામાં ટ્રાયલ કોર્ટ યોગ્ય ન હતી.

૫. પિટિશનોનો ભારપૂર્વક વિરોધ કરતા, સામાવાળાઓ તરફે વિદ્ધાન કાઉન્સેલ શ્રી જે.આર. શાહે રજૂઆત કરી હતી કે હાલના કેસની હકીકતોમાં અરજદારના વર્તનને ધ્યાનમાં લેવું જરૂરી છે. કોર્ટનું ધ્યાન કેસના રેકર્ડ તરફ એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે સામાવાળાઓ/પ્રતિવાદીઓએ તારીખ ૯.૯.૨૦૦૨ ના રોજ આંક ૩૯ થી દસ્તાવેજોની યાદી રજૂ કરી હતી જેમાં પ્રતિવાદી નં.૮ ની તારીખ ૧૧.૭.૧૯૯૪ ની ટીએમ એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ નો પણ સમાવેશ થતો હતો. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે અરજદારનો કેસ એવો છે કે સરતપાસના સોગંદનામામાં જણાવ્યા મુજબની હકીકતો વિશે તેઓને તે દાખલ થયા પછી જ જાણ થઈ હતી અને ત્યારબાદ, રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સ પાસેથી દસ્તાવેજો મેળવ્યા પછી હાલની અરજીઓ કરવામાં આવી હતી. કોર્ટનું ધ્યાન પ્રતિવાદીઓ નં.૧, ૫ અને ૭ દ્ધારા દાખલ કરાયેલા સંયુક્ત લેખિત જવાબની વિગતો અને વધુ ખાસ કરીને, તેના ફકરા ૧૧બી તરફ એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે સરતપાસમાં જણાવવામાં આવેલી સમાન હકીકતો વર્ષ ૨૦૦૭ માં દાખલ કરાયેલા લેખિત જવાબમાં જણાવવામાં આવી હતી. કોર્ટનું ધ્યાન વાદીની ઉલટતપાસ તરફ પણ એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે વાદીએ સ્વીકાર્યું હતું કે રામદેવ એક્સપોર્ટ્સના ટ્રેડમાર્કના રજિસ્ટ્રેશન માટેની અરજી તારીખ

૧૧.૭.૧૯૯૪ ના રોજ કરવામાં આવી હતી જે રાકેશ અરવિંદભાઈ પટેલ, હસમુખ રામભાઈ પટેલ અને પ્રવીણભાઈ રામભાઈ પટેલ ભાગીદારો ધરાવતી ભાગીદારી પેઢી હતી. એવું દર્શાવવામાં આવ્યું હતું કે સાક્ષીએ એમ પણ જણાવ્યું હતું કે વાદી–કંપનીએ વાંધાઓ રજૂ કર્યા હતા અને આવા વાંધાઓ હાલના કેસમાં રજૂ કરવામાં આવ્યા નથી અને તેઓ તેને રજૂ કરવા માટે તૈયાર અને રાજી છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે, તેથી, વર્ષ ૨૦૦૯ માં પણ જ્યારે સદર સાક્ષીની ઉલટતપાસ કરવામાં આવી હતી, ત્યારે તેઓ રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સ સમક્ષ સદર વાંધાઓ દાખલ કરવાની હકીકતથી સારી રીતે વાકેફ હતા. કોર્ટનું ધ્યાન આંક ૧૦૫ પરના તારીખ ૧.૨.૨૦૦૨ ના પત્રવ્યવહાર તરફ એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે અરજદારના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર હસમુખભાઈ પટેલે રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સને સદર પત્રવ્યવહાર સંબોધીને સ્પષ્ટતા કરી હતી કે એપ્લિકેશન નં. ૬૩૩૫૬૪ તેઓ દ્વારા સંયુક્ત માલિકો તરીકે દાખલ કરવામાં આવી હતી અને અરજી તથા માર્કનો કોઈ અધિકાર મેસર્સ રામદેવ એક્સપોર્ટ્સના નામ હેઠળ ધંધો કરતી અન્ય કોઈપણ વ્યક્તિને એસાઇન કરવામાં આવ્યો નથી. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે, તેથી, તે તમામ દસ્તાવેજો ઘણા સમય પહેલાં જાહેર કરવામાં આવ્યા હતા અને અરજદારને સંબંધિત સમયે રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સની કચેરીમાં ઉપલબ્ધ દસ્તાવેજોની તપાસ કરવાથી રોકવામાં આવ્યા ન હતા. એવું દર્શાવવામાં આવ્યું હતું કે આંક ૯૫૩ થી સરતપાસનું સોગંદનામું વર્ષ ૨૦૧૨ માં રજૂ કરવામાં આવ્યું હતું અને સરતપાસના સોગંદનામામાં કરવામાં

આવેલા નિવેદનો વર્ષ ૨૦૦૭ માં દાખલ કરાયેલા લેખિત જવાબનો પણ ભાગ હતા. પ્રતિવાદી નં.૩ એ તારીખ ૧૧.૭.૧૯૯૪ ના રોજ ગ્લોબમાં રામદેવ સાથે ટ્રેડમાર્કના રજિસ્ટ્રેશન માટે અરજી કરી હતી જે અરજી હસમુખભાઈ સહિત તમામ ભાગીદારો દ્વારા કરવામાં આવી હતી. એવું દર્શાવવામાં આવ્યું હતું કે, તેથી, અરજદાર શરૂઆતથી જ આવા દસ્તાવેજોના અસ્તિત્વથી સારી રીતે વાકેફ હતા અને સંબંધિત સમયે તપાસ કરી શક્યા હોત, જોકે, અરજદાર તેમ કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને તેથી, આટલા વિલંબિત તબક્કે દસ્તાવેજો રજૂ કરવાની અરજી યોગ્ય રીતે જ મંજૂર કરવામાં આવી નથી.

૫.૧ વિદ્વાન કાઉન્સેલે વધુમાં રજૂઆત કરી હતી કે વાદી દ્વારા જે દસ્તાવેજો રજૂ કરવાની માંગ કરવામાં આવી છે તેનો ઉલ્લેખ ટ્રાયલના તબક્કા સુધી કોઈપણ પ્લીડિંગ્સમાં કે નિવેદનોમાં જોવા મળતો નથી. સંજોગો જોતાં, સદર દસ્તાવેજોને રેકર્ડ પર રજૂ કરવાની મંજૂરી આપી શકાય નહીં. આવી રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન કાઉન્સેલે સિન્ડિકેટ બેંક વિરુદ્ધ ઈશાન કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ૨૦૦૯ જેએક્સ(ગુજ) ૬૬૨ ના કેસમાં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખ્યો હતો, જેમાં કોર્ટે અવલોકન કર્યું હતું કે વાદપત્રમાં અરજદારનો એવો કેસ ન હતો કે સદર દસ્તાવેજ પ્રસ્તુત હતો પરંતુ તેમના દ્વારા ગેરવલ્લે થઈ ગયો હોવાથી રજૂ કરી શકાયો ન હતો. જો એવો કેસ હોત, તો તેમ જણાવી શકાયું હોત, કેમ કે સદર દસ્તાવેજ તારીખ ૨૯.૦૫.૨૦૦૩ નો હતો અને તેનું અસ્તિત્વ અરજદારની જાણમાં હોત. વાદી અથવા તેમના સાક્ષીઓ તરફથી મૌખિક પુરાવાના તબક્કે

પણ આવું કોઈ નિવેદન બહાર આવ્યું નથી. વાસ્તવમાં, સદર દસ્તાવેજનો ઉલ્લેખ તે તબક્કા સુધી પ્લીડિંગ્સમાં કે નિવેદનોમાં ક્યાંય જોવા મળ્યો ન હતો. ટ્રાયલ કોર્ટે ઓર્ડર ૧૩ ના નિયમ ૧ ની સુધારેલી જોગવાઈઓની નોંધ લીધી હતી, અને એવા તારણ પર આવી હતી કે, તે તબક્કે, જ્યારે મુદ્દાઓ નક્કી થઈ ગયા હતા અને વાદીનો પુરાવો પૂર્ણ થઈ ગયો હતો, અને પ્રતિવાદીઓએ પુરાવો આપવાનું શરૂ કર્યું હતું, ત્યારે અરજદાર દ્વારા રજૂ કરવા માંગવામાં આવેલા દસ્તાવેજને રેકર્ડ પર રજૂ કરવાની મંજૂરી આપી શકાય નહીં. કોર્ટે અવલોકન કર્યું હતું કે સદર તારણ સદર કોડના ઓર્ડર ૧૩ ના નિયમ ૧ ની જોગવાઈઓ સાથે સુસંગત હતું. શ્રી શાહે રજૂઆત કરી હતી કે હાલના કેસની હકીકતોમાં પણ, અરજદાર દ્વારા જે દસ્તાવેજો રજૂ કરવાની માંગ કરવામાં આવી છે, તે કોઈપણ પ્લીડિંગ્સમાં કે સાક્ષીઓના કોઈપણ નિવેદનોમાં સ્થાન પામતા નથી અને તેથી પણ, તે રજૂ કરવાની મંજૂરી ન આપવામાં ટ્રાયલ કોર્ટ યોગ્ય હતી.

૫.૨ જ્યાં સુધી વાદપત્રમાં સુધારાનો સંબંધ છે, વિદ્વાન કાઉન્સેલે આંક ૯૭૯ પરની અરજીની વિગતોનો સંદર્ભ આપતાં દર્શાવ્યું હતું કે સુધારા અરજી મુજબ, અરજદારનો કેસ એવો છે કે પ્રતિવાદી નં.૧ એ આંક ૯૫૩ થી સરતપાસનું સોગંદનામું રજૂ કર્યું હતું જેમાં તેમાં ઉલ્લેખિત હકીકતો જણાવવામાં આવી હતી. એ દર્શાવવામાં આવ્યું હતું કે સરતપાસ વર્ષ ૨૦૧૨ માં રજૂ કરવામાં આવી હતી અને સરતપાસનો જે ભાગ સુધારા અરજીમાં પુનઃપ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, તે વર્ષ ૨૦૦૭ માં રજૂ કરાયેલા લેખિત જવાબનો પણ ભાગ છે, તે રજૂ કરવા માટે કે એવું

નથી કે અરજદાર સદર હકીકતોથી વાકેફ ન હતા અને માત્ર આવા વિલંબિત તબક્કે જ સુધારો રજૂ કરી શક્યા હોત.

૫.૩ સુધારા અરજીના ફકરા ૨(૨) નો સંદર્ભ આપતાં, એવું રજૂ કરવામાં આવ્યું હતું કે તેમાં જે દસ્તાવેજોનો સંદર્ભ આપવામાં આવ્યો છે તે હાલ મેળવેલા દસ્તાવેજોનો ભાગ નથી અને અરજદારો આવા દસ્તાવેજોથી શરૂઆતથી જ વાકેફ હતા. રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સના પત્ર તરફ કોર્ટનું ધ્યાન એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે આ મુદ્દો છેક વર્ષ ૨૦૦૨ માં ઉપસ્થિત કરવામાં આવ્યો હતો જ્યારે હવે દાદના ફકરામાં કોઈ અનુરૂપ સુધારા વિના સુધારો રજૂ કરવાની માંગ કરવામાં આવી રહી છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે સદર ફકરામાં જણાવવામાં આવેલી હકીકતોને સિવિલ કોર્ટ સાથે કોઈ લેવાદેવા નથી અને જો અરજદાર નારાજ હોય તો તેમણે ટ્રેડ માર્ક્સ કચેરીનો આશરો લેવો જોઈએ. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે અરજી વર્ષ ૧૯૯૪ માં કરવામાં આવી હતી અને સંબંધિત સમયે પક્ષકારો વચ્ચે કોઈ વિવાદ ન હતો અને વિવાદ વર્ષ ૧૯૯૮ માં ઉપસ્થિત થયો હતો. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે સુધારા અરજીમાં જણાવવામાં આવેલી ફરિયાદના સંબંધમાં નિરાકરણ, જો કોઈ હોય તો, રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સ સમક્ષ છે ન કે સિવિલ કોર્ટ સમક્ષ.

૫.૪ સુધારા અરજીના ફકરા (૪) ની વિગતોનો સંદર્ભ આપતાં જેમાં એવું જણાવવામાં આવ્યું છે કે પ્રતિવાદીઓ નં.૧ અને ૫ ક્યારેય મૂળ અરજદારો ન હતા અને તેમના નામો ઉમેરી શકાય તેમ ન હતા તથા અપનાવવામાં આવેલી

સમગ્ર પ્રક્રિયા કપટપૂર્ણ અને ટ્રેડ માર્ક્સ એક્ટ તથા ઇન્ડિયન પાર્ટનરશિપ એક્ટની જોગવાઈઓની વિરુદ્ધ છે, એવું રજૂ કરવામાં આવ્યું હતું કે તારીખ ૧.૧.૨૦૦૩ ના રોજ અરજદારે પ્રતિવાદીઓ નં.૧, ૩ અને ૫ ના નામો સામે વાંધાઓ દાખલ કર્યા હતા અને આવી ફરિયાદના સંબંધમાં, અરજદારે રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સનો આશરો લેવાનો રહે છે અને સદર વિવાદને સિવિલ સ્યુટમાં સંકળાયેલા વિવાદ સાથે કોઈ લેવાદેવા નથી અને કોઈપણ સંજોગોમાં રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સે સ્યુટનો નિર્ણય ન આવે ત્યાં સુધી અરજી સ્થગિત રાખેલ છે.

૫.૫ સુધારા અરજીના ફકરા ૩ ની વિગતોનો સંદર્ભ આપતાં, એવું રજૂ કરવામાં આવ્યું હતું કે સુધારા દ્વારા રેકર્ડ પર લાવવા માંગવામાં આવતી હકીકતો અંગે ટ્રાયલ કોર્ટ સમક્ષ કોઈ વિવાદ ઉપસ્થિત કરવામાં આવ્યો નથી અને સ્યુટમાં એવો કોઈ મુદ્દો નથી જેના ન્યાયનિર્ણયની જરૂર હોય કે જેના માટે સુધારો મંજૂર કરવો જરૂરી હોય, આ સંજોગોમાં, સુધારાને સિવિલ સ્યુટમાં સંકળાયેલા વિવાદ સાથે કોઈ સંબંધ ન હોવાથી, સુધારા માટેની અરજી મંજૂર ન કરવામાં ટ્રાયલ કોર્ટ સંપૂર્ણપણે યોગ્ય હતી.

૫.૬ કોર્ટનું ધ્યાન તારીખ ૧.૬.૧૯૯૮ ના ડીડ ઓફ રિટાયર્મેન્ટ ફ્રોમ પાર્ટનરશિપ તરફ એ દર્શાવવા માટે દોરવામાં આવ્યું હતું કે હસમુખભાઈ પટેલ અને પ્રવીણભાઈ પટેલ એપ્રિલ, ૧૯૯૮ ના ૧લા દિવસની અસરથી મેસર્સ

રામદેવ એક્સપોર્ટ્સની ભાગીદારીમાંથી નિવૃત્ત થયા હતા જે તમામ ભાગીદારો દ્વારા યોગ્ય રીતે સ્વીકારવામાં આવ્યું હતું.

૬. પ્રત્યુત્તરમાં, અરજદાર તરફે વિદ્વાન કાઉન્સેલ શ્રી ડી. સી. દવેએ રજૂઆત કરી હતી કે સામાવાળાઓ તરફે વિદ્વાન કાઉન્સેલે સુધારાના ગુણદોષ પર રજૂઆતો કરી હતી જે આ તબક્કે મુદ્દા અંગે અગાઉથી નિર્ણય કરવા સમાન ગણાશે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે સુધારો મંજૂર કરવો જોઈએ કે કેમ તે નક્કી કરવાના હેતુ માટે, પરિણામ જોવું જરૂરી નથી. વિદ્વાન કાઉન્સેલના જણાવ્યા મુજબ, દસ્તાવેજો રજૂ કરવાની અરજી પર વિચારણા કરતી વખતે, સદર કોડના ઓર્ડર ૭ ના નિયમ ૧૪ હેઠળ ત્રણ માપદંડો સંતોષાવા જરૂરી છે, એટલે કે, જ્યારે વાદપત્ર દાખલ કરવામાં આવે છે, ત્યારે દસ્તાવેજો પ્રકાશમાં આવ્યા ન હતા. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે ઓર્ડર ૭ ના નિયમ ૧૪ નો પેટા–નિયમ (૩) અરજદારના બચાવમાં આવે છે, એટલે કે, વાદપત્ર તે દસ્તાવેજો પર આધારિત ન હતું, જોકે, તે સમયે દસ્તાવેજો અસ્તિત્વમાં ન હતા. એવું વધુમાં રજૂ કરવામાં આવ્યું હતું કે સદર કોડના ઓર્ડર ૭ ના નિયમ ૧૪ ના પેટા–નિયમ (૪) ને ધ્યાનમાં લેતાં, ઉલટતપાસમાં તેઓ જે આશ્ચર્યના તત્વના હકદાર છે તે ખોવાઈ ન જાય તે સુનિશ્ચિત કરવા માટે અરજદાર દ્વારા અગાઉના તબક્કે દસ્તાવેજો જાહેર કરવા જરૂરી ન હતા. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે જે દસ્તાવેજો રજૂ કરવાની માંગ કરવામાં આવી છે તે પ્રસ્તુત છે કારણ કે તે ૧૯૯૪ ની અરજીના સંબંધમાં રજિસ્ટ્રાર ઓફ ટ્રેડ માર્ક્સના રેકર્ડનો ભાગ છે જેના પર

પ્રતિવાદી નં.૧ પોતાના બચાવના સમર્થનમાં આધાર રાખી રહ્યા છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે કેસનું રેકર્ડ ટ્રેડમાર્કનો ભંગ કરવાનો પ્રતિવાદીનો ઈરાદો સ્પષ્ટપણે દર્શાવે છે અને જો દસ્તાવેજો રજૂ કરવાની તથા સુધારા માટેની અરજીઓ મંજૂર કરવામાં નહીં આવે, તો છુપાવવામાં આવેલી હકીકત ક્યારેય પ્રકાશમાં આવશે નહીં. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે ઉપરોક્ત રજૂઆતો પર વિચારણા કરતી વખતે, એ તપાસવું જરૂરી છે કે સામા પક્ષને શું પ્રતિકૂળ અસર થાય છે અને દસ્તાવેજો પ્રસ્તુત છે કે નહીં. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી સામા પક્ષને પ્રતિકૂળ અસરનો સંબંધ છે, સંપૂર્ણ નિષ્પક્ષતાથી, પ્રતિવાદીઓએ રેકર્ડ પર તે તમામ દસ્તાવેજો રજૂ કરવા જોઈતા હતા કે જેની તેઓને જાણ હતી જેથી કોર્ટ સમક્ષ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થાય. પ્રતિવાદીના વર્તન તરફ કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ દોરીને નિર્દેશ કરવા માટે તારીખ ૧૧.૭.૧૯૯૪ ના દસ્તાવેજ ફોર્મ ટીએમ–૧ (પાન નં. ૨૩૬) નો સંદર્ભ આપવામાં આવ્યો હતો કે નામો બદલવા માટેનો કોઈ હુકમ પસાર થયા વિના, હસમુખભાઈ અને પ્રવીણભાઈના નામો રદ કરવામાં આવ્યા હતા અને તેમના સ્થાને સામાવાળાઓ નં.૧ અને ૫ ના નામો દાખલ કરવામાં આવ્યા હતા. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે પ્રતિવાદીઓ દ્વારા રજૂ કરાયેલી યાદીમાં વર્ષ ૧૯૯૪ માં કરાયેલ સુધારો સમાવિષ્ટ નથી અને તેથી, તે સંબંધમાં સાક્ષીનું ખંડન કરવું જરૂરી છે. એ દર્શાવવા માટે ટ્રેડ માર્ક્સ રજિસ્ટ્રી દ્વારા અરજદારને સંબોધવામાં આવેલ તારીખ ૧૧.૨.૨૦૦૨ ના પત્રવ્યવહારનો સંદર્ભ આપવામાં આવ્યો હતો

કે સહ–અરજદાર તરીકે હસમુખભાઈનું નામ રદ કરવામાં આવ્યું હોવાનું દર્શાવવા માટે કશું નથી. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે જો દસ્તાવેજોને રેકર્ડ પર લાવવાની મંજૂરી આપવામાં આવે અને સુધારા અરજી મંજૂર કરવામાં આવે તો આ તમામ બાબતો પ્રકાશમાં આવશે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે જો બંને અરજીઓ મંજૂર કરવામાં આવે, તો સામાવાળા–પ્રતિવાદી દ્વારા છુપાવવામાં આવેલી હકીકત બહાર આવશે તે સિવાય કોઈ પ્રતિકૂળ અસર થશે નહીં. તેથી, એવો ભારપૂર્વક આગ્રહ રાખવામાં આવ્યો હતો કે સાચી હકીકતો રેકર્ડ પર લાવવા માટે સુધારા અરજી તેમજ દસ્તાવેજો રજૂ કરવા જરૂરી હોવાથી અને આ તબક્કે આવી અરજીઓ મંજૂર કરવા સામે કોઈ બાધ ન હોવાથી, અરજદાર દ્વારા દાખલ કરાયેલી અરજીઓ મંજૂર કરીને પિટિશનો મંજૂર કરવી જરૂરી છે.

૭. હરીફ રજૂઆતોના ગુણદોષ પર વિચારણા કરતાં પહેલાં, ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજદાર દ્વારા દાખલ કરાયેલી અરજીઓની વિગતોનો સંદર્ભ આપવો પ્રસ્તુત રહેશે. આંક ૯૭૭ પરની અરજીનું અવલોકન દર્શાવે છે કે તેમાં જણાવેલા કારણો એવા છે કે દસ્તાવેજોને લગતી હકીકતો કેસની હકીકતો સાથે પ્રસ્તુત છે અને કેસમાં ઉપસ્થિત કરાયેલા વિવાદો પર પૂરતો પ્રકાશ પાડશે. કે રેકર્ડ કોર્ટને પક્ષકારોની સંબંધિત રજૂઆતોનું મૂલ્યાંકન કરવા માટે સમર્થ બનાવશે અને પ્રતિવાદી નં.૧ દ્વારા કરવામાં આવેલા નિવેદનોનું ખંડન કરવા અથવા સમર્થન કરવા માટે પ્રતિવાદીઓના સાક્ષીની ઉલટતપાસ માટે પણ રેકર્ડ જરૂરી છે. જ્યાં સુધી વાદપત્રમાં સુધારા માટે સદર કોડના ઓર્ડર ૬ ના નિયમ ૧૭ હેઠળ કરવામાં

આવેલી આંક ૯૭૯ પરની અરજીનો સંબંધ છે, વાદીનો કેસ એવો છે કે પ્રતિવાદીઓ નં.૧ અને ૫ ક્યારેય મૂળ અરજદારો ન હતા અને તેમના નામ ઉમેરી શકાય તેમ ન હતા તથા અપનાવવામાં આવેલી સમગ્ર પ્રક્રિયા કપટપૂર્ણ અને ધ ટ્રેડ માર્ક્સ એક્ટ તથા ધ ઈન્ડિયન પાર્ટનરશિપ એક્ટની જોગવાઈઓની વિરુદ્ધ છે. વાદી ટ્રેડમાર્ક નં. ૪૪૭૭૦૦ અને પરિણામે ટ્રેડ નામ 'રામદેવ' ના રજિસ્ટર્ડ માલિક છે અને સદર ટ્રેડમાર્ક તથા ટ્રેડ નામનો ભંગ કરવાના કોઈપણ પ્રયાસને અને પ્રતિવાદીઓ દ્વારા તેના આવશ્યક લક્ષણની નકલ કરતો અથવા તેના સમાન કોઈપણ ટ્રેડમાર્ક રજિસ્ટર કરાવવાના કોઈપણ પ્રયાસોને સ્યુટમાં અરજ કર્યા મુજબ અટકાવવા જરૂરી છે.

